# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/424 Dt. 30/04/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## એક્સપોર્ટ પ્રમોશન મિશન, ઇન્ડિયા–યુકે એફટીએ અને એમએસએમઇ એક્સપોર્ટરો માટે રાહત યોજના વિષે સેમિનાર યોજાયો

### ઇન્ડિયા–યુકે એફટીએ મે ૨૦૨૬માં અમલમાં આવ્યા બાદ આગામી પાંચથી છ વર્ષમાં ભારતથી યુકે તરફનો એક્સપોર્ટ વિવિધ ક્ષેત્રે સરેરાશ ૫૦ ટકા સુધી વધી જશે

### સુરત સેઝના ડેવલપમેન્ટ કમિશનર તથા સુરતના જોઇન્ટ ડાયરેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ શ્રી અભિમન્યુ શર્મા અને ઇસીજીસી ઓફિસ સુરત બ્રાંચના હેડ શ્રી સૌરભ જૈને સુરતના એક્સપોર્ટરો તેમજ એમએસએમઇ ઉદ્યોગકારોને માર્ગદર્શન આપ્યું

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા જોઇન્ટ ડાયરેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ સુરતના સહયોગથી ગુરૂવાર, તા. ૩૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે ‘એક્સપોર્ટ પ્રમોશન મિશન, ઇન્ડિયા–યુકે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ અને એમએસએમઇ એક્સપોર્ટરો માટે રાહત યોજના’ વિષે સેમિનાર યોજાયો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતા એમએસએમઇ ઉદ્યોગકારો અને એક્સપોર્ટરોને વૈશ્વિક વેપારના બદલાતા પરિપ્રેક્ષ્યમાં નવી તકોનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સ્વાગત સંબોધન દરમિયાન જણાવ્યું હતું કે, ઇન્ડિયા–યુકે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ અમલમાં આવ્યા બાદ સુરતની ટેક્ષ્ટાઇલ સહિતની વિવિધ પ્રોડકટ્‌સને યુકેના માર્કેટમાં સરળતાથી

પ્રવેશ મળશે. આ એગ્રીમેન્ટ ભારતને વૈશ્વિક વેપાર માટે મહત્વપૂર્ણ પ્લેટફોર્મ પૂરું પાડશે, જેથી ભારતનો વૈશ્વિક વેપાર વધશે. આ એગ્રીમેન્ટથી સુરતના એક્ષ્પોર્ટરો માટે વિશાળ તક ઉભી થશે. તેમણે સુરતના એક્ષ્પોર્ટરો તેમજ એમએસએમઇ ઉદ્યોગકારોને ઇસીજીસી સ્કીમનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

સુરત સેઝના ડેવલપમેન્ટ કમિશનર તથા સુરતના જોઇન્ટ ડીજીએફટી શ્રી અભિમન્યુ શર્માએ સુરતના એક્ષ્પોર્ટરોને ‘એક્ષ્પોર્ટ પ્રમોશન મિશન’ અંતર્ગત ‘નિર્યાત પ્રોત્સાહન’ અને ‘નિર્યાત દિશા’ જેવી પહેલોની વિગતવાર સમજ આપી હતી. તેમણે ઇન્ડિયા–યુકે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ અંગે પણ વિસ્તૃત માર્ગદર્શન આપતાં એક્ષ્પોર્ટરો માટે ઊભી થનારી નવી તકો અને તેના લાભો પર વિશેષ પ્રકાશ પાડયો હતો.

તેમણે જણાવ્યું હતું કે, ઇન્ડિયા–યુકે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ ભારત અને યુનાઇટેડ કિંગડમ વચ્ચે થનારી એક મહત્વપૂર્ણ વ્યાપારિક સંધિ છે, જે બંને દેશો વચ્ચેના વેપાર અને રોકાણને વધુ સરળ, ઝડપી અને વ્યાપક બનાવશે. આ કરાર મે ૨૦૨૬માં અમલમાં આવશે ત્યારબાદ અનેક ઉત્પાદનો પરના આયાત–નિકાસ શુલ્કમાં ઘટાડો અથવા સંપૂર્ણ મુક્તિ મળશે, જેના પરિણામે દ્વિપક્ષીય વેપારમાં નોંધપાત્ર વધારો થવાની સંભાવના છે.

આ એગ્રીમેન્ટ હેઠળ ટેક્ષ્ટાઇલ, ડાયમંડ, જ્વેલરી, ફાર્માસ્યુટિકલ, કૃષિ ઉત્પાદનો, પ્લાસ્ટિક અને પેકેજિંગ, કેમિકલ્સ તથા એન્જિનિયરિંગ પ્રોડકટ્સને યુકેના બજારમાં વધુ સ્પર્ધાત્મકતા મળશે. ખાસ કરીને સુરત જેવા ટેક્ષ્ટાઇલ અને જ્વેલરી હબ માટે આ એગ્રીમેન્ટ અત્યંત લાભદાયક સાબિત થશે.

હાલમાં યુકે વિશ્વભરમાંથી આશરે ૩૦ બિલિયન યુએસ ડોલરનું ટેક્ષ્ટાઇલ પ્રોડકટ ઇમ્પોર્ટ કરે છે, જ્યારે ભારતનો તેમાં ફાળો માત્ર ૨.૭૩ બિલિયન યુએસ ડોલર જેટલો છે. આથી ભારત માટે યુકેમાં ટેક્ષ્ટાઇલ એક્ષ્પોર્ટ વધારવાની વિશાળ તક ઉપલબ્ધ છે. એ જ રીતે ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે યુકેનું બજાર આશરે ૩૦ બિલિયન યુએસ ડોલરનું છે, જ્યારે ભારતનો ફાળો માત્ર ૧ બિલિયન યુએસ ડોલર જેટલો છે, જે દર્શાવે છે કે નેશનલ હેલ્થ સિસ્ટમ હેઠળ ભારત માટે ફાર્મા ક્ષેત્રે એક્ષ્પોર્ટ વધારવાની મોટી સંભાવનાઓ છે. કેમિકલ્સ અને ઓર્ગેનિક કેમિકલ્સ, પ્લાસ્ટિક, મેડિકલ ડિવાઇસિસ, મરીન પ્રોડકટ્સ તથા કૃષિ ક્ષેત્રે એક્ષ્પોર્ટ વિશાળ તકો ઉપલબ્ધ છે.

શ્રી શર્માએ વધુમાં જણાવ્યું હતું કે ઇન્ડિયા–યુકે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ ભારતના એક્ષ્પોર્ટરો માટે નવા માર્કેટ્સ અને વ્યવસાય વૃદ્ધિની નવી તકો ઉભી કરશે. સાથે જ યુકેની કંપનીઓને ભારતમાં રોકાણ અને વ્યવસાય કરવા માટે વધુ અનુકૂળ વાતાવરણ ઉપલબ્ધ બનશે, જેના પરિણામે ટેકનોલોજી ટ્રાન્સફર, રોજગારી સર્જન અને ઔદ્યોગિક વિકાસમાં નોંધપાત્ર વધારો થવાની શકયતા છે. તેમણે વિશ્વાસ વ્યકત કર્યો હતો કે ઇન્ડિયા–યુકે એફટીએ અમલમાં આવ્યા બાદ આગામી પાંચથી છ વર્ષમાં ભારતથી યુકે તરફનો એક્ષ્પોર્ટ વિવિધ ક્ષેત્રોમાં સરેરાશ ૫૦ ટકા સુધી વધશે.

ઇસીજીસી ઓફિસ સુરત બ્રાંચના હેડ શ્રી સૌરભ જૈને એક્ષ્પોર્ટ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન ઓફ ઇન્ડિયા દ્વારા ભારતીય એક્ષ્પોર્ટરોને મળતી સુરક્ષા અને ગેરંટી યોજનાઓ અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે એક્ષ્પોર્ટ વ્યવસાયમાં ઉભા થતા જોખમોને અસરકારક રીતે સંભાળવા માટે ઇસીજીસીની વિવિધ યોજનાઓ ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. આ યોજનાઓ એક્ષ્પોર્ટરોને નાણાંકીય સુરક્ષા પૂરી પાડે છે તેમજ આંતરરાષ્ટ્રીય વેપારમાં વિશ્વાસ વધારવામાં મદદરૂપ બને છે.

ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ સેમિનારનું સંચાલન કર્યું હતું. ચેમ્બરની જીએસટી કમિટીના ચેરમેન સીએ મુકુંદ ચૌહાણે કાર્યક્રમ અંગે માહિતી આપી હતી. ડિજીએફટીના અધિકારીઓએ કાર્યક્રમમાં ઉપસ્થિત સુરતના એક્ષ્પોર્ટરો તથા એમએસએમઇ ઉદ્યોગકારોને ઉપરોકત તમામ વિષયો અંગે વિસ્તૃત અને ઉપયોગી માહિતી આપી હતી.